## જન્મદિને વધામણી



**હિરેન ભટ્ટ**
સહાયક માહિતી નિયામક
ટ્રસ્ટી અને પ્રવક્તા
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૬૩૬૩૦



**પુષ્પા દિનેશ ચૌહાણ**



**કાવ્યા ચંદ્રકાન્ત શ્રીમાળી**
મો. ૯૮૨૪૭ ૪૦૩૫૫

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા "પ્રારંભ" કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન(બી.બી.એ) કોલેજ દ્વારા સતત ૧૮ મી બેચ મેનેજમેન્ટ સ્નાતક બનવા માટે પ્રવેશ મેળવેલ છે તે વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા કાર્યક્રમનું અદભૂત આયોજન થયુ હતું.

કાર્યક્રમની શરૂઆત આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થા- સર્વ વિદ્યાલય કેળવણી , યુનિવસીટી- કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કોલેજ- બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનો તલસ્પર્શી પરિચય આપ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજની ગૌરવશીલ બાબતોને ધ્યાનમાં રાખી સફળ બનવા પ્રેરણા આપી હતી. ઉપાચાર્ય ડો.જયેશ તન્નાએ કાર્યક્રમનાં મહેમાન કૃષ્ણકાંત જહા અને મુખ્ય વક્તા અર્ચન ત્રિવેદીને આવકારી તેઓનો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. ડો.નીરવ જોશી દ્વારા સમગ્ર સંસ્કૃતિક કાર્યક્રમ બાબતે છેલ્લા એક સપ્તાહથી વિદ્યાર્થીઓ સાથે મળી તૈયારીઓ શરુ કરી હતી તેમજ તેમને રજૂઆત બાબતે જરૂરી સૂચનો આપ્યા હતા.

સાંપ્રત સમયમાં જયારે રાષ્ટ્ર ભાવનાની દરેક નાગરિકોમાં જાગૃત કરવી સમયની માંગ બની છે. ત્યારે કોલેજ દ્વારા વિદ્યાથીઓને આજનાં સમયમાં અન્ય કોલેજો દ્વારા ફક્ત નાચ-ગાન તેમજ ફક્ત આનંદ-પ્રમોદ મળે તેવી બાબતોજ ધ્યાનમાં રખાય છે તેમજ સમાજ ઉપયોગી મુદ્દાઓ નજર અંદાજ થાય છે. ત્યારે બી.બી.એ કોલેજનો આ પ્રયત્ન ને શિક્ષણ જગત તેમજ સમાજ ચોક્કસ બીરદાવશે. તેમજ આવી પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના ઉજાગર કરી શકાય અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજનાં નિર્ણયને વધાવતા રાષ્ટ્રપ્રેમથી તરબોળ રજુઆતો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી જેમાં દ્વિતિય અને તૃતિય વર્ષનાં વિદ્યાથીઓ દ્વારા ખુબ સુંદર રજુઆતો તેમના પ્રથમ વર્ષનાં મિત્રોનાં સ્વાગત માટે કરવામાં આવી હતી. તેમજ કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ રાષ્ટ્રભક્તિથી તરબોળ ધમાકેદાર રજુઆતો કરી હતી.



કુલ પાંચ અલગ-અલગ પ્રકારની સફળ રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા થીમ "મેરા દેશ મહાન" અંતર્ગત કરવામાં આવી જેમાં ડાન્સિગ, સિંગિંગ, એકિંટગ, એન્કરીંગ, વેરાઈટીમાં વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનતથી સુંદર કલાનાં દર્શન શ્રોતાઓને કરાવ્યા હતા. જેમાં બે અલગ-અલગ સ્પર્ધાઓ જેમાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે "મી. પ્રારંભ" તેમજ "મિસ પ્રારંભ" તરીકે પસંદગી પામી પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી મેળવી હતી.

સીનીયર વિદ્યાર્થીઓને બેસ્ટ ઓવેરઓલ પરફોર્મન્સ માટે પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી આપાઈ હતી. જે અંતર્ગત પ્રથમ વર્ષનાં કુ. ડોલી શર્મા તેમજદર્શન ઠક્કરને પ્રથમ વર્ષમાંથી મિસ પ્રારંભ તેમજ મી પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમજ સીનીયર વિદ્યાર્થીઓમાં શ્રી હંસરાજ રાઠોડ "બેસ્ટ ઓવર ઓલ પરફોર્મન્સ" માટે પસંદગી પામ્યા હતા. કુલ ૬૦ વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જયારે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યુવાર્ધને સમાજ ઉપયોગી કાર્ય કરવા હકારાત્મક વિચારો મળે તે માટે મુખ્ય વક્તા તેમજ ગુજરાતી ફિલ્મ જગતનાં જાણીતા કલાકાર અર્ચનભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને યુવા તરીકે પોતાની ઓળખ ને રાષ્ટ્ર માટે કંડારવા પ્રેરણા આપી હતી. તેમજ આ સમારોહ નાં મુખ્ય મહેમાન દ્વારા પણ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કરાયું હતું, જેમાં તેમણે વિદ્યાર્થીઓને સંઘર્ષ માટે તૈયાર રહેવા તેમજ સંઘર્ષ થકી જ યુવાઓ જીવનમાં આગળ આવી શકે તેની સમજ આપી હતી. તેમજ પોતાના વિદ્યાર્થીકાળનાં અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ મુક્યા હતા. જેથી વિદ્યાર્થીઓને તેમના જીવનમાં આવનાર પડકારો બાબતે આગાહ કર્યા તેમજ તેને કઈ રીતે સફળતાપૂર્વક હલ કરી શકાય તે માટે પ્રેરક સૂચનો કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ થયું હતું. ફોર્મલ કાર્યક્રમનું સંચાલન ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન ડો.નીરવ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા કોલેજનાં શૈક્ષણિક તેમજ બીન-શૈક્ષણિક કર્મચારીઓએ ખુબ જહેમત ઉઠાવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦

**સ્ક્રીન-3**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)

**સ્ક્રીન-૪**
રોમિયો એન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

# ટૂંકીવાર્તા વિશે અનોખો કાર્યક્રમ યોજાયો

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, મણિનગર (અમદાવાદ)ના સંયુક્ત ઉપક્રમે સાવ જુદા જ પ્રકારના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાની ગુજરાતી સાહિત્યને લોકાભિમુખ કરવાની અને વ્યાપક કરવાની ભાવનાને કારણે ઘણા બધા નવા પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે. સુમન શાહે તૈયાર કરેલ સાહિત્યને વિદ્યાર્થી સુધી રસાત્મક રીતે પહોંચાડવાની ડિઝાઈનની સાહિત્ય અકાદમી દ્વારા સ્વીકૃતિ કરવામાં આવી અને એ માટેના કાર્યક્રમ 'ચાલો, ટૂંકીવાર્તાને માણીએ અને જાણીએ'નો પ્રથમ પ્રયોગ ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, મણિનગર ખાતે યોજવામાં આવ્યો.





સવારે ૧૦.૩૦ ઉદ્ઘાટનબેઠક શરૂ થઈ હતી. સર્વને આવકારતાં કૉલેજનાં આચાર્યા ડૉ. ગીતા પંડયાએ કે. કા. શાસ્ત્રીના સાહિત્યિક પ્રદાનને યાદ કરી એમના જ નામે સ્થપાયેલી આ સંસ્થામાં સાહિત્યનો સાવ અનોખો કાર્યક્રમ યોજાય તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના ચાવીરૂપ એવા સાહિત્યકાર શ્રી સુમન શાહે ગુજરાતી ભાષા અને સાહિત્યની ચિંતા વ્યક્ત કરી એને સર્વવ્યાપક બનાવવાની ખેવનાને બળ આપ્યું હતું.

કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં ભાગ્યેશ જ્હાએ જણાવ્યું હતું કે આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જો લાભાન્વિત થતા હોય અને સાહિત્યના સંસ્કાર જુદી રૂપે પમાતા હોય તે પ્રકારના કાર્યક્રમની તાતી જરૂરિયાત છે અને એનાં સુફળ પણ અવશ્ય પ્રાપ્ત થવાનાં.

સાહિત્યને વિદ્યાર્થીમાં વધારે અભિમુખ કરવું હોય, કે વિદ્યાર્થીઓમાં સાહિત્ય માટેની વિશેષ પ્રીતિ જન્મે એવું કરવું હોય તો વિદ્યાર્થીને નવાં ઓજારો અને નવીન રીતે સાહિત્યમાં જોડવા જ પડે. આવા આશયથી આ કાર્યક્રમને સાવ જુદું જ રૂપ આપવામાં આવ્યું હતું. ટૂંકીવાર્તાની આનંદ સાથેની પ્રાપ્તિ કરી શકાય તેવા આશયથી સુમન શાહે 'ધૂમકેતુ'ની વાર્તા 'પૃથ્વી અને સ્વર્ગ', 'દ્વિરેફ'ની વાર્તા 'ખેમી', પન્નાલાલ પટેલની વાર્તા 'ચીસ' અને સુરેશ જોષીની વાર્તા 'થીગડું'ને નાટ્યરૂપ આપતું વાચિકમ્ તૈયાર કર્યું હતું. પ્રથમ બેઠકમાં બે વાર્તાઓ અને બીજી બેઠકમાં બે વાર્તાઓનું, સંગીત સાથેનું વાચિકમ્ રજૂ કરવામાં આવ્યું હતું. સહભાગી થનારા કલાકારો તરીકે સુમન શાહ, નિસર્ગ આહીર, ગૌરાંગ અમીન, લતા હિરાણી, જિતેન્દ્ર મૅકવાન, પૂર્વી ઓઝા, છાયા ત્રિવેદી, સાગર શાહ અને અભિમન્યુ આચાર્ય હતા. વાર્તાને સાવ નવી રીતે પામતા વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થયા હતા.

વાર્તારચનાની પ્રક્રિયાથી વિદ્યાર્થી સારી રીતે પરિચિત થાય અને સાંપ્રત પ્રસિદ્ધ વાર્તાકારોની સૃષ્ટિથી અવગત થાય તેનું આ કાર્યક્રમમાં ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં પરિસ્કૃત વાર્તાના પ્રસિદ્ધ લેખક મણિલાલ હ. પટેલે પોતાની કેફિયત પ્રથમ બેઠકમાં રજૂ કરી હતી. તેમણે પોતાની વાર્તાઓમાં લોકચેતના કઈ રીતે પ્રવેશે અને વાર્તા કઈ રીતે રચાય છે એની ખૂબ જ રસાળ શૈલીમાં વાત કરી હતી. પોતાના જીવનના અનુભવો, કૌટુંબિક અનુભવો ઈત્યાદિનું વાર્તામાં કઈ રીતે રૂપાંતરણ થાય છે એમની વિગતે વાત કરી હતી.

બીજી બેઠકમાં દલિતચેતનાની સમૃદ્ધ વાર્તાઓ આપનાર શ્રી દલપત ચૌહાણે પોતાની કેફિયત આપી હતી. દલિતોને ભોગવવી પડતી વેદના અને પીડામાંથી સંવેદનાસભર વાર્તાઓની ભૂમિ તૈયાર થાય છે એમ જણાવીને પોતાની વાર્તારચનાના પડાવોનું રસાળ શૈલીમાં તેમણે નિરૂપણ કર્યું હતું.

વાર્તાકારોની કેફિયતના સંચાલક તરીકેની ભૂમિકા સુપ્રસિદ્ધ સર્જક અને વાર્તાકાર મોહન પરમારે નિભાવી હતી. બન્ને સર્જકોની વિશેષતા અને સાહિત્યસેવાને તેમણે ઉચિત રીતે મૂકી આપી હતી.

# ગ્રીન માણસા રિવોલ્યુશનના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત થયો

ગાંધીનગર, તા. ૧૭

પર્યાવરણ ક્ષેત્રે જનજાગૃતિ પ્રસરાવવા સક્રિય કાર્યરત એવી ગ્રીન માણસા રિવોલ્યુશન ના ઉપક્રમે આજ રોજ તા ૧૭ જુલાઈ ૨૦૧૬ ને રવિવારે સવારે ૧૦ કલાકે સરસ્વતી શિશુ મંદિર, ઈટાદરા રોડ-માણસા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું .



માણસા નગરના જાણીતા તબીબ ડૉ. રાકેશભાઈ ગોસ્વામી (બંસરી મેડીકલ હોસ્પિટલ, માણસા) ના મુખ્ય મહેમાન પદે આયોજિત સદર કાર્યક્રમમાં માણસા નગર સહિત તાલુકાના ગામોમાંથી પર્યાવરણ-પ્રેમી પ્રબુદ્ધ નાગરિકો, અનેક ગામના સરપંચશ્રીઓ અને મુસ્લિમ બિરાદરી ભાઈઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાનશ્રી અને ઉપસ્થિત વૃક્ષપ્રેમી નાગરિકોના વરદ હસ્તે છોડ-રોપાં-વૃક્ષ વાવવામાં આવ્યા હતા. જે-તે જવાબદાર જાગૃત નાગરિક દ્વારા રોપાયેલ વૃક્ષના જતન-રક્ષણ-સંવર્ધન-વિવર્ધન ની નૈતિક જવાબદારી ગ્રીન માણસા રિવોલ્યુશન ના પર્યાવરણ-સાથી સદસ્યોએ સ્વૈચ્છિક રીતે સ્વીકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા ગ્રીન માણસા રિવોલ્યુશન એ ગ્રીન ગ્લોબલ બ્રિગેડ અને ગ્રીન પ્લાનેટ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાયેલી છે અને પર્યાવરણ સુરક્ષા સંબંધી કાર્યક્રમ-કામગીરી-અભિયાનમાં સક્રિય સહભાગી છે. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. રાકેશભાઈ ગોસ્વામી, શિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ, વયોવૃદ્ધ સમાજસેવી

નાથાલાલ પંચાલ, મિરઝા ખાન સાહેબ વગેરે એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે પર્યાવરણ સુરક્ષા એ આજના સમયની તાતી જરૂરિયાત છે અને આવનારી પેઢીના ઉજ્જવળ ભાવિ સબબ વન્ય જીવસૃષ્ટિનું જતન-રક્ષણ-સંવર્ધન કરવું એ આવશ્યકતા-અનિવાર્યતા-ફરજ છે.

સદર વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમાજસેવા અને પ્રકૃતિ સંરક્ષણ ક્ષેત્રે ભગીરથ સહકાર-સહયોગ આપવા બદલ સમગ્ર માણસા તાલુકાના નિસર્ગ-પ્રેમી પ્રજાજનોનો ગ્રીન માણસા રિવોલ્યુશન વતી ડૉ. તુષારભાઈ જાનીએ હ્રદયસ્થ આભાર માન્યો હતો. સંસ્થાના સક્રિય સદસ્યશ્રી વિજયભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે માણસા તાલુકાના કોઈપણ ગામના નાગરિકોએ છોડ-રોપાં-વૃક્ષ-ધરૂ સેવાર્થે મેળવવાં હોય, તેઓ મોબાઈલ નંબર ૯૪૨૭૦૭૨૨૬૯ અથવા ૯૮૨૫૫૧૪૧૨૮ પર સંપર્ક કરી શકે છે.

વૃક્ષારોપણનો આજનો આ કાર્યક્રમ એકંદરે સુંદર, સુવ્યવસ્થિત, અભિપ્રેરક, અનુકરણીય, પ્રશંસનીય બની રહ્યો હતો એમ એક અખબારી યાદીમાં સંસ્થાના વડા રાકેશ પ્રજાપતિ 'રાહી' દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સરકારી પ્રાથમિક શાળા, સૅ. ૨ ખાતે ગૌરીવ્રત નિમિત્તે સૂકા મેવા અને ફળોનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨ ખાતે સિનિયર સિટિઝન્સ મહિલા પાંખ દ્વારા ગૌરીવ્રત કરનારી બાળાઓને સૂકોમેવો, બટરફલાય, મહેંદીના કૉન, ચાંદલા અને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત બ્રહ્મસમાજ, મહિલા પાંખ દ્વારા શાળાની તમામ બાળાઓને નવાં કપડાં, સૂકોમેવો, ફળો તેમજ છોકરાઓને વેફર્સના પૅકેટ્સ આપવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થીઓને સંગીત ખુરશી, નેતા શોધ, અંતાક્ષરી જેવી રમતો પણ આ પ્રસંગે રમાડવામાં આવી હતી. રમતોમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

# વાત્સલ્યમૂર્તિ તેમજ પ્રેરણામૂર્તિ એવાં મારાં સખી



જેના વિષે લખી રહી છું તે મારી સખી વીણાબેનનું અવસાન થયે તેર વર્ષ થઈ ગયાં છે, પરંતુ એનાં સંસ્મરણો સદા યાદ રહેશે.

મારી આ સખી, મારી સગી નાની બહેન, મારી સહોદર. બાળકુંવારિકા, કૃષ્ણ પ્રીતિ અને શક્તિની ભક્તિમાં સદા પરોવાયેલી પણ પરિવાર માટે, દુખી માનવ માટે, અબોલ પશુ અને પ્રાણી માટે ખૂબ જ પ્રેમાળ અને સંવેદનશીલ હતી. આમ તો અમે સાતેય બહેનો દિવાન બલ્લુભાઈ શાળા, કાંકરિયા, અમદાવાદમાં ભણેલાં પણ વાંચવા-લખવાનો ગજબનો શોખ તો મને અને મારી વીણાબેનને જ. શાળાની રિશેષમાં અમે બંને પુસ્તકાલયમાં જ હોઈએ. ગાંધીનગરમાં વસ્યા પછી અમે નિયમિતપણે સૅક્ટર-૨૧ની સરકારી જિલ્લા લાયબ્રેરીમાંથી પુસ્તકો લાવીને વાંચતાં. અમે બંને બહેનોએ કનૈયાલાલ મુનશીનાં પ્રખ્યાત પુસ્તકોનો સૅટ 'કૃષ્ણાવતાર' સાથે જ વાંચેલો. મારી માતાનો વાચનનો શોખ અમારા બંનેની રગેરગમાં વહેતો રહ્યો છે. વીણાબેન સાથે ગાઢ સખીપણું થવાનું ખાસ કારણ છે. મારાં પતિ સુરેશકુમારને ગાંધીનગરમાં સરકારી નોકરી મળી તે અરસામાં મારી વીણાનેય ગાંધીનગર સચિવાલયમાં જ નોકરી મળેલી. ૧૯૭૨થી અમે અહીં ગાંધીનગરમાં વસ્યા. વીણાની ઉપસ્થિતિ, એનો સ્નેહાળ સ્વભાવ, મને કંઈ તકલીફ હોય તો અડધી રાત્રે પણ મારી વીણાબેન મારી પાસે દોડી આવતી. કૃષ્ણપ્રેમી વીણાબેને તો કૃષ્ણભક્તિનાં અને આદ્યશક્તિનાં ૨૦૦થી વધારે ગીતો, ગરબાઓ અને વાર્તાઓ લખી છે. હું વાર્તાકાર છું એમાં સિંહફાળો મારી વીણાબેનનો છે. મારાં કાવ્યો અને વાર્તાઓના પ્રથમ વિવેચક વીણાબેન જ હતા. સ્પૉટ્ર્સ કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - અમે સદા સાથે જ હોઈએ. વીણા મારાથી બે વર્ષ નાની, પણ ધાર્મિક, આધ્યાત્મિક અને સાહિત્યમાં રસ ધરાવતી એટલે મને તો મારા ગુરુ સમાન લાગતી. અને આ કારણે એ મને સદા મારાથી મોટી જ લાગી છે. જન્માષ્ટમીને દિવસે એનું દેહાવસાન સાવ ટૂંકી માંદગીને કારણે થયું. જીવનની યાત્રા ઉપરાંત અમરનાથ યાત્રા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના પ્રવાસોમાં વીણા સદાય મારી સાથે રહી છે ને હું હજુય એને મારી સાથે અનુભવું છું!

**- ચંદ્રાબેન શ્રીમાળી**

## સંવેદના
### મારી સ્નેહાળ સખી

'મારી સ્નેહાળ સખી' વિષય વાંચતાં જ સખીઓની હારયષ્ટિ દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગી. કોઈ સહાયક તો કોઈ સહકાર્યકર, કોઈ સલાહકાર તો કોઈ માર્ગદર્શક, તો કોઈ વળી ઉપકેશકરૂપે.... દરેકમાં સ્નેહ તો નીતરતો જ હોય... એ સૌમાં ઉત્સાહ, સ્ફૂર્તિ, તરવરાટ, તત્પરતા સહિતનું સતત કર્મયોગી એવું રોમાંચક વ્યક્તિત્ત્વ પ્રસ્ફૂટ થતું મનઃચક્ષુ સમક્ષ સાકાર થયું અને તે હતું ભક્તિભાવસભર મૂર્તિમંત સ્નેહયુક્ત મનિષાબેન ત્રિપાઠીનું...

સંસારસાગરના અનેક પડકારોનો સામી છાતીએ સામનો કરનાર મનિષાબેનના રોમ-રોમમાં ભાવ અને શબ્દે-શબ્દે શાબાશી નીતરતી હોય તેથી જ સૅક્ટર-૨૧ જીમખાનાના તરણકુંડમાં તાલીમ લેનારા સૌને માટે તેઓ વંદનીય છે. ઉરમાં ઉત્સાહ ભરેલાં એમણે મારી જીવનયાત્રામાં ડગલે ને પગલે સ્નેહ દર્શાવી જીવનની વિકટ પરિસ્થિતિમાં ટકી રહેવા સાચી સલાહ આપી છે. પૂ. દાદાના સ્વાધ્યાયના વિચારોને પચાવેલા મનિષાબેનના સાંનિધ્યમાં સદા સકારાત્મક લાગણીનો જ અનુભવ થાય. જ્યારે પણ હતાળા કે નિરાશાની ગર્તામાં ઊતરતી જણાઉં તો તરત જ ભગવદગીતાના બે-ચાર શ્લોકો બોલી ઉગારી લેવામાં માહિર. સ્વાધ્યાયની પાંચમી પરીક્ષા આપતી વખતે એમણે જ મારો ઉત્સાહ વધારી ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડની ભૂમિકા ભજવી સફળતા અપાવેલી.

વ્યવહારમાં તો તેઓ ક્યારેય પાછા ન પડે. એમની ગેરહાજરીમાં ક્યારેક તેમના ઘરે પહોંચી જાઉં તો ફોન દ્વારા આગતા-સ્વાગતા કરી પુત્રવધૂ નીલમને ફોન પર જ સલાહ આપી કોઈ ને કોઈ પાર્સલ આપવાની સૂચના અચૂક આપે. તેમને ત્યાંથી ક્યારેય કોઈને ખાલી હાથે પાછા ન જ જવા દે. પાકા વ્યવહારકુશળ.

દાનવૃત્તિનો દેખાડો કર્યા વગર રસ્તે ચાલતા ગરીબ પરિવારના બાળકોને રમકડાં વહેંચતાં તેઓની સ્નેહની સરવાણીમાં ભીંજાવાના અવસરો મને સાંપડ્યા છે અને સમાજસેવાની પ્રેરણા મળી છે.

દિલ્હી ખાતે વૈશ્વિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૬૨ વર્ષની ઉંમરે પણ ગરબા ગાઈ જુવાનિયાને શરમાવે તેવા જુસ્સાનાં દર્શન કરાવ્યાં. ગાંધીનગરના કોઈપણ કાર્યક્રમમાં તેમની હાજરી ન હોય તો જ નવાઈ.

દૂરથી પરિચિતોને જોતાં જ બે હાથ પહોળા કરી ભાવથી ભેટી પડવાની એમની ભાવનાને કારણે જ બહોળા મિત્રવર્તુળના ધારક છે. સંબંધો બાંધવા, સાચવવા અને ટકાવી રાખવાની ચાવી મને એમણે જ આપી છે ને એમને મારા શત વંદન છે.

**- કુસુમબેન આર જોષી**
**સૅક્ટર-૨૦**

ગાંધીનગર શહેરમાં સૅક્ટર-૪ના મારા પાડોશમાં રહેતાં રાજકોટનાં મૂળ રહેવાસી, નિષ્કપટ, નિઃસ્વાર્થ અને વાત્સલ્યમૂર્તિ એવાં મારાં સખી દિવ્યાબેન પંડ્યા મહાભારતકાળના સતયુગનાં સાચાં સખીની યાદ તાજી કરાવે છે. દર માસની પૂનમ કે અગિયારસે તેઓ 'ભજન' અવશ્ય રાખે. અને મને તથા રંજનબેનને તેમનાં સાંનિધ્યમાં ભજનો ગાવાની ખૂબ જ મજા આવે. અન્ય જગ્યાએ ભજનમંડળમાં તથા સૅક્ટર-૨૧માં શાકભાજી લેવા પણ સાથે જ જઈએ. તેઓની અવારનવાર મિટીંગોની વ્યસ્તતામાં પણ સમય ગાઢી મારા દીકરાની દીકરીને તેમના ઘરે રમાડવા લઈ જાય અને જમાડે-નાસ્તો કરાવે. અમારી દીકી પણ તેમની સાથે જ મોટાભાગનો સમય પસાર કરે. મારે સામાજિક કારણોસર બહાર જવાનું થાય ત્યારે પોતે મારુંય ઘર સંભાળી મને નચિંત કરી દે. વાત્સલ્યમૂર્તિ તેમજ પ્રેરણામૂર્તિ એવાં મારાં સખી દિવ્યાબેનને મારા સલામ.

**- ખેમીબેન કે પરમાર,**
**સ્વાગત-૪**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**